ગાંધીનગર સમાચાર

# સ્વામીનારાયણ ગુરુકુળના પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન યોજાયું



ગાંધીનગર, તા. ૨૦
વર્ષ ૧૯૭૫માં શ્રી સ્વામિનારાયણ શિશુ વિદ્યાલય (ગુરુકુળ), સૅક્ટર-૨૨ની સ્થાપના થઈ તે સમયે ધોરણ-૫માં પ્રવેશ મેળવેલ અને ૧૯૮૪માં ધોરણ-૧૦ પૂર્ણ થવાથી છૂટા પડેલા વિદ્યાર્થીઓનું ૩૫ વર્ષ પછી તાજેતરમાં સ્નેહમિલન થયું. વર્ષ ૧૯૭૫થી ૧૯૮૧ દરમ્યાન ધોરણ-૫ થી ધોરણ-૧૦ સુધી એ ડિવીઝન સુધી એક જ વર્ગમાં ભણેલા પૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન સૅક્ટર-૧૯ જીમખાના ખાતે યોજાઈ ગયું.

૩૫ વર્ષ પહેલાં એક જ વર્ગમાં સાથે ભણેલા ૩૫ વિદ્યાર્થીઓ સપરિવાર ઉપસ્થિત રહ્યા હતા અને ઉમંગ-ઉત્સાહથી એકબીજાને મળ્યા હતા. સૌ પોતાના વર્તમાન પદ, સત્તા, ધન, કીર્તિ બાજુ પર રાખીને વિદ્યાર્થીકાળના એ ચિંતામુક્ત, નિર્દોષ મોજમસ્તીના, ધીંગામસ્તી-ભર્યા શૈશવના દિવસો વાગોળી એકબીજાને આત્મીય રીતે ભેટ્યા હતા. બે સૅશનમાં પ્રીતિભોજ, પરસ્પરનો પારિવારિક પરિચય અને શાળાજીવનના સંસ્મરણો તાજાં કરી સૌ રોમાંચિત થયા હતા. ૩૫ વર્ષ પહેલાં વિખૂટા પડી દૂર-સુદૂર વસતા સહાધ્યાયીઓનો વ્યક્તિગત સંપર્ક કરી સુંદર કાર્યક્રમ માટે દર્શન ઠાકર, ડૉ. પ્રશાંત ગોસાઈ, મોહિત રાવ, રાકેશ શાહ, હિતાર્થ વસાવડા તથા પંકજ ભાવસારે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળતા અપાવી હતી.

# આચાર્યોનું પ્રેરણાત્મક પગલું

ગાંધીનગર, તા. ૨૯
શાળામાં ણભ્યાસ કરતા બાળકોની સતત અનિયમિતતાના ઝેરીલા અને ડંખીલા ભોરિંગને નાથવા પોર પ્રાથમિક શાળા તથા સ્વામિનારાયણ વિદ્યાવિહાર સ્કૂલના આચાર્યોએ વિચાર-વિમર્શ કરી વિદ્યાર્થીઓના ઘેર-ઘેર જઈ તેમના વાલીઓને સમજાવવાનું એક પ્રેરણાદાયી કાર્ય કર્યું હતું. શાળામાં સતત ગેરહાજર રહેતા બાળકોના વાલીઓને તેઓ સમજાવવામાં સફળ રહ્યા હતા અને એ કારણે વાલીઓ બાળકોને શાળામાં નિયમિત મોકલવા સંમત થયા હતા. પોર પ્રાથમિક શાળાના આચાર્ય વિભૂતિબેન શુક્લ અને લલિતાબેન પટેલે આ ઉમદા અભિયાન ચલાવ્યું હતું. જેમને પિનલબેન મોદી, દિનેશભાઈ લિંબાચીયા અને સ્વામિનારાયણ વિદ્યાવિહારના આચાર્ય દશરથભાઈ પ્રજાપતિ અને ક્લાર્ક ગણેશગીરી ગોસ્વામીનો સક્રિય સહકાર મળ્યો હતો. આ સ્તુત્ય કાર્યમાં પોર ગામના ચેરિટી પ્રમુખ કિરીટભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, માજી ડે. સરપંચ હૈદરઅલી પરમાર, તાલુકા સદસ્ય ચિરાગભાઈ ઠાકોર, દૂધ મંડળીના ચેરમેન મહેન્દ્રભાઈ પટેલ, મહિલા અગ્રણી ભાનુબેન પ્રજાપતિ, રામદેવપીર મહારાજ મંદિરના મુખ્ય કાર્યકર પ્રતાપજી ચાવડા અને રામાજી ચાવડા તથા કૅપિટલ ટાઈમ્સ અખબારના સહતંત્રી વિરમજી ઠાકોરનો સહકાર સાંપડ્યો હતો.

# વિદ્યાર્થીનીઓનો શૈક્ષણિક પ્રવાસ



ગાંધીનગર, તા. ૨૦
શ્રીમતી આર જી પટેલ માધ્યમિક અને શ્રીમતી ઍમ બી પટેલ ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા, સૅક્ટર-૨૩, ગાંધીનગરની વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થીનીઓએ ગુરુવારે ઈન્દ્રોડા પાર્ક પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લીધી હતી.

ધોરણ-૧૧, ૧૨ની કુલ ૨૬૦ વિદ્યાર્થીનીઓ તથા શાળાના ૧૨ શિક્ષકો આ શૈક્ષણિક પ્રવાસમાં જોડાયા હતા. સૌએ ડાયનાસોર પાર્ક, હરણ ઉદ્યાન, પ્રાણી સંગ્રહાલત તથા બૉટનીકલ ગાર્ડનની મુલાકાત લીધી હતી. પાર્કના વૅટરનરી ડૉક્ટર અનિકેતભાઈ પટેલે વિદ્યાર્થીઓને પાર્ક વિશે વિશદ્ માહિતી આપી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઑલ ઈઝ વૅલ
૬.૪૫, ૧૦.૧૫

**સ્ક્રીન-૨**
ઑલ ઈઝ વૅલ
૧૨.૪૫, ૩.૩૦
માંઝી
૭.૦૦
બ્રધર્સ
૧૦.૦૦

**સ્ક્રીન-૩**
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી)
૧૨.૩૦, ૫.૩૦, ૧૦.૧૫
ફૅન્ટાસ્ટીક ફોર (અંગ્રેજી)
૩.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
દૃશ્યમ
૧.૦૦, ૧૦.૦૦
માંઝી
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૩.૪૫

**સ્ક્રીન-૫**
ઑલ ઈઝ વૅલ
સવારે ૧૦.૦૦
બ્રધર્સ
૧૨.૩૦, ૬.૪૫
માંઝી
૪.૦૦, ૧૦.૦૦

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૧**
ઑલ ઈઝ વૅલ
સવારે ૯.૦૦, ૧૧.૪૫, ૨.૩૦, ૫.૧૫, ૮.૦૦, ૧૦.૪૫

**સ્ક્રીન-૨**
માંઝી : ધ માઉન્ટેન મૅન
સવારે ૧૦.૦૦, ૨.૫૫, ૭.૫૦
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી
૧૨.૪૦, ૫.૩૫, ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
ફૅન્ટાસ્ટીક ફોર (હિન્દી)
સવારે ૯.૪૫
બજરંગી ભાઈજાન
૧૨.૦૦
દૃશ્યમ
૩.૧૦, ૯.૫૦
બાહુબલિ
૬.૩૦

**સ્ક્રીન-૪**
બ્રધર્સ
૯.૩૦, ૪.૦૦, ૧૦.૦૦
મિશન ઈમ્પોસિબલ (હિન્દી)
૧૨.૪૫, ૭.૧૫

**ટાઉનહોલ**

સંસ્કૃતિ સંસ્થાના ઉપક્રમે સાંઈરામ દવેનો હાસ્ય કાર્યક્રમ, રાત્રે ૯.૩૦ કલાકે.

# મહિલાઓમાં ઘણી શક્તિ રહેલી છે એને મહિલાઓએ ઓળખવી જોઈએ

## અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા વાર્ષિક કાર્યક્રમ સહ મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૦
'મહિલાઓમાં ઘણી શક્તિ રહેલી છે, જેને ઓળખીને મહિલાઓએ તેનો ઉપયોગ કરવો જોઈએ અને આગળ આવવું જોઈએ. મહિલા ઈચ્છે તો આપબળે આગળ આવી શકે છે, બસ તેણે પોતાની શક્તિઓને પિછાણીને એક દિશા પકડીને આગળ ચાલવાનું હોય છે.' ગાંધીનગર જિલ્લા પંચાયતનાં પ્રમુખ હિનાબેન પટેલે આ શબ્દોનું ઉચ્ચારણ ગાંધીનગર ખાતે કર્યું હતું.

સર્વ વિદ્યાલય કૅમ્પસ, સૅક્ટર-૨૩ ખાતે સ્થિત ખીમજી વિસરામ હૉલ ખાતે અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા પોતાના વાર્ષિક કાર્યક્રમ સહ મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત હિનાબેન પટેલે મહિલાઓને પ્રોત્સાહિત કર્યાં હતાં તથા દરેક ક્ષેત્રમાં આગળ વધવા માટે તેમનામાં હામ પૂરી હતી.

આ પ્રસંગે જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ લતાબેન ચોક્સી, જલારામ મહિલા મંડળના અગ્રણી કુસુમબેન તન્ના, સૌરાષ્ટ્ર-કચ્છ મિત્ર મંડળનાં હર્ષાબેન ધાધલ, ઈન્દુબેન અમરાવતકર તથા ગાયત્ર પરિવારનાં જશુબેન ઠક્કર સહિત નગરનાં અનેક નામી-અનામી મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ પ્રસંગે ઉપસ્થિત સંસ્થાનાં સભ્ય તથા અન્ય પ્રતિષ્ઠિત મહિલાઓના મનોરંજન અર્થે માહિતી કમિશનરની કચેરી દ્વારા પ્રસ્તુત અને ગાંધીનગરના સિનિયર નાટ્યકાર કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટ્ય શો 'સમર્પણ એટલે સન્નારી'નું મંચન પણ કરવામાં આવ્યું હતું.

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખાનાં પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ સ્વાગત પ્રવચન કર્યું હતું તથા સૅક્રેટરી લીનાબેન મહેતાએ આભારદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતનાબેન બુચ દ્વારા કરવામાં આવ્યું હતું.

# હિરામણિ પરિસરમાં બે દિવસીય વિજ્ઞાન પ્રદર્શનનો આરંભ

ગાંધીનગર, તા. ૨૦
હીરામણિ વૃદ્ધાશ્રમ સત્સંગ હૉલમાં આજથી બે દિવસીય વિજ્ઞાન પ્રદર્શનનો આરંભ થયો છે.

આ વિજ્ઞાન પ્રદર્શનમાં અમદાવાદ શહેરની ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમની કુલ ૩૨ શાળાઓના ૬૪ પ્રૉજેક્ટ્સ મૂકવામાં આવ્યા છે અને કુલ ૧૫૮ વિદ્યાર્થીઓ તથા ૬૪ શિક્ષકો આ વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લઈ રહ્યા છે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત, જીવવિજ્ઞાન અને પર્યાવરણ આધારિત વિવિધ પ્રૉજેક્ટ્સ તૈયાર કરી વિદ્યાર્થીઓ પોતાના વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને ઉજાગર કરી રહ્યા છે. પ્રદર્શન નિહાળવા આજે આસપાસની શાળાઓને નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું, જેમાંથી આવેલા વિદ્યાર્થીઓ વિવિધ પ્રૉજેક્ટ નિહાળી પ્રભાવિત થયા હતા. હીરામણિ અંગ્રેજી-ગુજરાતી માધ્યમની સ્કૂલના ૧૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પણ આ પ્રદર્શન ઉત્સાહપૂર્વક નિહાળ્યું હતું.

ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ પ્રૉ. અનામિક શાહના મુખ્ય મહેમાનપદે યોજાયેલા આ વિજ્ઞાન પ્રવાહના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હીરામણિ સંસ્થાના પ્રમુખ નરહરિ અમીન, ઉપપ્રમુખ નીતાબેન અમીન, સ્કૂલ ડિરેક્ટર ડૉ. અંબુભાઈ પટેલ, ટ્રસ્ટી આર સી પટેલ, પંકજભાઈ દેસાઈ, ગુજરાતી માધ્યમ સ્કૂલના આચાર્ય આશિષભાઈ મહેતા, અંગ્રેજી માધ્યમ સ્કૂલનાં આચાર્યા નીતાબેન શર્મા ઉપસ્થિત રહ્યાં હતાં.

# શહેરમાં છવાઈ વ્રતોની મોસમ

ગાંધીનગર, તા. ૨૦
પવિત્ર શ્રાવણ માસમાં મહિલાઓનાં વ્રતોની મોસમ છવાઈ છે અને ટૂંક સમયમાં જ જાગરણની મોસમ પણ ખીલી ઊઠશે.

ઉલ્લેખનીય છે કે હિન્દુઓમાં પવિત્ર માનવામાં આવતા શ્રાવણ માસમાં સૌથી વધુ વ્રતો આવે છે અને મહિલાઓ પરંપરાગત રીતે શ્રદ્ધાપૂર્વક આ વ્રતો પાળે પણ છે અને તેમની ઉજવણી પણ કરે છે.

હાલ શહેરમાં દશામા સાથે એવરત-જીવરતનાં વ્રતે ચાલી રહ્યાં છે અને આવતીકાલે કણબી સાતમ પણ ઉજવવામાં આવશે. બે દિવસ પછી આ વ્રતો બાદ કરવામાં આવતા જાગરણનો સમય પણ આવશે ત્યારે વળી શહેરમાં જાગરણની મોસમ છવાશે. હાલ તો શહેર આખું વ્રતમય બની ગયું હોય એમ લાગે છે.

# સે. ૨૯/૧ સરકારી પ્રાથમિક શાળા ખાતે વક્તૃત્વ સ્પર્ધા-યોગદિન કાર્યક્રમ યોજાયો

## સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ મહિલા પાંખે સૌજન્ય આપ્યું

ગાંધીનગર, તા. ૨૦
સરકારી પ્રાથમિક શાળા, સૉક્ટર-૨૯/૧ ખાતે સિનિયર સિટિઝન્સ કાઉન્સીલ મહિલા પાંખ દ્વારા વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓ માટે દેશનેતાઓ વિષયે આ હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૫ બાળકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શાળાના આચાર્ય મીનાક્ષીબેન જોષી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું.

કાઉન્સીલના કન્વીનર આશાબેન, જશુબેન ઠક્કર તથા સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા થનારા વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

શાળા ખાતે ગાયત્રી પરિવારના ઉપક્રમે 'યોગશિક્ષણ' તાલીમ વર્ગનું આયોજન પણ કરવામાં આવ્યું છે. વર્ગના પ્રશિક્ષક તરીકે જશુબેન ઠક્કર સેવાઓ આપે છે. તાજેતરમાં 'યોગદિન' અંતર્ગત વિશેષ કામગીરી કરવામાં આવી હતી. આ પ્રસંગે સિનિયર સિટીઝન્સ કાઉન્સીલની મહિલા પાંખના સભ્યો તથા વાલીગણની ઉપસ્થિતિમાં સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્યા મીનાક્ષીબેન જોષીએ સૌનો આભાર માન્યો હતો.

# મસ્તીના પાસવર્ડ સાથે 'એટીઍમ'માંથી નીકળ્યો નવાં-જૂનાં ગીતોનો દલ્લો

## રાત બાકી બાત બાકી... મસ્તીભરી સાંજમાં મોજમસ્તીભર્યાં ધમાલ ગીતો સાથે પ્રેક્ષકો ઝૂમી ઉઠ્યા : ઍનીટાઈમ મસ્તી ગૃપના ઉદ્ઘાટન કાર્યક્રમમાં ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, અરૂણભાઈ બુચ અને લતાબેન ચોક્સીનું સન્માન કરાયું




કિશોર કુમાર, રફી, આશા, લતા જેવા ઓલટાઈમ ગ્રેટ સિંગર્સનાં ગીતો સાથે યંગ જનરેશનમાં હૉટ એવા કૈલાશ ખેર, શ્રેયા ઘોષાલ, અરીજીત સિંગ, સુનિધિ ચૌહાણ, મિકા સિંગનાં ગીતો... એ બંનેનું કૉમ્બિનેશન એટલે ધમાલ-મસ્તી-મેલોડિયસ ગીતો સાથે એક ઉદ્ઘાટક કાર્યક્રમની શરૂઆત... ગાંધીનગરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો આપતી સંસ્થાઓમાં એક નવું ઍડમિશન થયું અને હિન્દી ફિલ્મી ગીતોની મસ્તી સાથે એનો ધમાકેદાર પ્રવેશોત્સવ થયો, એનું નામ એટલે 'ઍનીટાઈમ મસ્તી' કલ્ચરલ ફાઉન્ડેશન...

'સુખનું શિડ્યુલ ન હોય, આનંદની ઍપોઈન્ટમૅન્ટ ન હોય અને પ્રેમનું પ્લાનિંગ ન હોય' જેવી હૃદયસ્પર્શી અભિવ્યક્તિ સાથે નીતિન દવેએ કાર્યક્રમની શરૂઆત કરાવી... અઢારમી ઑગષ્ટે જેમનો જન્મદિવસ હતો એવા ગુલઝારના શબ્દો અને વાણી જયરામના મધુરો કંઠ સાથે 'ગુડ્ડી' ફિલ્મની પ્રાર્થના 'હમકો મન કી શક્તિ દેના..' સાથે શરૂઆત થઈ.

ગાંધીનગરના જાણીતા કવિ ડૉ. ધૈવત શુક્લએ સંગીત, સાહિત્ય અને કાગનું આ એટીઍમ બની રહે એવી અભ્યર્થના સાથે નવીન સંગઠિત સંસ્થાનો પરિચય અને કાર્યોની માહિતી આપી... કાર્યક્રમના દીપ પ્રાગટ્યમાં ડે. મેયર કાર્તિકભાઈ પટેલ, અરૂણભાઈ બુચ અને લતાબેન ચોક્સી સાથે સૌ સભ્યો જોડાયા. શહેર વસાહત મંડળ અને જ્યોતિ મહિલા મંડળની સેવાઓ બિરદાવી આ ત્રણેય મહાનુભાવોનું સન્માન કરાયું. સંસ્થાના પ્રમુખ સૅમ્યુઅલ ક્રિશ્ચિયને 'અમે પારસીની જેમ દૂધમાં સાકર ભળે એમ ભળી જઈશું'ના વિશ્વાસ સાથે એમની કારોબારી ટીમની ઓળખ પરેડ કરાવી.

વક્રતુંડ મહાકાય સૂર્યકોટિ સમપ્રભ.. હનુમાન ચાલીસા... ગુરૂબ્રહ્મ ગુરૂ વિષ્ણુ અને તેરી હૈ ઝમીં, તેરા આસમાં... સાથે ભક્તિમય શરૂઆત કરાવતાં પહેલાં જ મંત્રી મનોજ મેઉઆએ આભારવિધિ આટોપી લીધી... એટીઍમની વિડીયો ક્લિપીંગમાં કરણ જૌહરનો પાર્ટ ખરેખર સૌને ગમે અને સ્પર્શે એવો જ રહ્યો...

કિશોર કુમારનું અજનબી ફિલ્મનું ગીત 'એક અજનબી હસીના સે યું મુલાકાત હો ગઈ...' અને મેરે જીવનસાથી ફિલ્મનું આર ડી બર્મનનું ગીત 'ચલા જાતા હું કિસીકી ધૂન મેં...' બંને ગીતો ધમાલના અને એમાંય યોડલીએ રંગત રાખી દીધી.

ગુજરાતી સર્જકોની જેમાં બોલબાલા હતી એવી ફિલ્મ 'રામલીલા'નું ભૂમિ ત્રિવેદીએ ગાયેલું ગીત 'રામ ચાહે લીલા...' એની રિધમ પર પગ થિરકવા લાગે... કૈલાશ ખેરનું યુવાનોમાં ફેવરિટ એવું ગીત 'તેરે નામ સે જી લું...' અને એની સાથોસાથ અરિજીત સિંગનું 'મુસ્કુરાને કી વજહ તુમ હો...' આ ત્રણેય ગીતોએ યુવાનોને ઘેલું લગાડ્યું...

હેલનનું સુપરડુપર હીટ ગીત ઈન્તેકામ ફિલ્મનું જેમાં લતાનો અવાજ અને લક્ષ્મીકાન્ત-પ્યારેલાલનું સંગીત 'આ જાનેજાં, મેરા યે હુસ્ન જવાં...' આ ગીતમાં ગિટાર અને ઑરકેસ્ટ્રાએ ધમાલ કરાવી દીધી... કિશોર-આશાનું કૉમ્બિનેશન યાદોં કી બારાત ફિલ્મનું ગીત 'લેકર હમ દિવાના દિલ...' સાથે ફરી ગોલ્ડન ઍરાનાં ગીતો જામી ગયાં...

આમિર ખાનનું પીકે ફિલ્મનું શ્રેયા ઘોષાલે ગાયેલું ગીત 'ચાર કદમ બસ ચાર કદમ...' રામલીલાનું શ્રેયા ઘોષાલ-ઓસમાણ મીરનું ગીત 'નગાડા સંગ ઢોલ બાજે...'માં પ્રેક્ષકોને સ્ટેજ પર બોલાવી નચાવ્યા એમાંય 'લીલી લેમડી રે લીલો નાગરવેલનો છોડ...' ગુજરાતી ગરબાનો ઠેકો આવતાં બધા જ રંગમાં આવી ગયા...

હેપ્પી ન્યૂ યર ફિલ્મનું અરિજીત સિંગ-શ્રેયા ઘોષાલનું યુવા ધડકન બનેલું ગીત 'મનવા લાગે...' અને પછી સ્ટૅન્ડ-અપ કૉમેડીમાં જેનું આગવું નામ છે એવા અરવિંદ શુક્લાએ મિમિક્રી કરી, જેમાં રેલવેના ટિકિટ ચૅકર અને દિલીપકુમારનો અવાજ વધુ તાળીઓ પડાવી ગયો. આ કાર્યક્રમના ઍન્કરના રોલમાં પ્રિયા જાની સાથે અરવિંદ શુક્લાએ સ્ટેજ રમતિયાળ બનાવી રાખ્યું...

ઉછલમ-કુદલમ કિશોર કુમારના સળંગ ચાર ગીતોની મૅડલી આવી... ઝુમરુ ફિલ્મના ટાઈટલ ગીતની યોડલી જોરદાર રહી... પછી તો ગુજરાતી રંગ ચડ્યો... 'મા-બાપ' ફિલ્મનું અસરાની પર ફિલ્માવેલું ગીત 'હું અમદાવાદનો રિક્ષાવાળો...' સંતુ રંગીલી ફિલ્મનું રમેશ મહેતા પર ફિલ્માવેલું 'મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી..' મોટા ઘરની વહુ ફિલ્મનું 'ઓરી આવે તો તને વાત કહું ખાનગી...' અને 'તંદુરસ્તી કી રક્ષા કરતા હૈ લાઈફબૉય..' સાથે કિશોરદા છવાઈ ગયા... જ્વેલથીફનું લતાએ ગાયેલા ગીત 'હોઠોં પે ઐસી બાત...' પર રિધમ પ્લેયર્સે રંગ રાખી સૌને દંગ કરી દીધા...

યંગીસ્તાન ફિલ્મનું અરિજીત સિંગે ગાયેલું 'સુનો ના સંગેમરમર કે યે મિનારેં...' સાથે બીટ્સ ગીતોની ધમાલ શરૂ થઈ. ડોનનું 'આજ કી રાત...' નમકહલાલનું 'રાત બાકી બાત બાકી...' ડિસ્કો ડાન્સરનું 'યાદ આ રહા હૈ તેરા પ્યાર...' રાતની રંગત જામતી ગઈ અને કમિટી મૅમ્બર્સ મન મુકીને સ્ટેજને ડાન્સથી ભરતા રહ્યા...

મન્ના ડેનું ક્લાસિકલ દિલ હી તો હૈ ફિલ્મનું 'લાગા ચુનરી મેં દાગ...'માં તરાના અને તબલાંએ વટ પાડ્યો... હસ્તે ઝખ્મનું રફી-લતા ડ્યુએટ 'તુમ જો મિલ ગયે હો...' બંને ગીતોએ એનો કમાલ બતાવ્યો અને કમાલ શ્યામ ગઢવી નામના કલાકારે કરી, વર્સેટાઈલ સિંગર વૉઈસ ઑફ કિશોર સાથે મન્ના ડે, રફીનાં ગીતો પણ ગાયાં.. જ્યોતિ ક્રિશ્ચિયન, નિરવ ઠક્કર અને નિકીતા શાહ દરેક ગાયકે એટલાં સહજ ગીતો ગાયાં કે ક્યાં કશું ખૂટતું લાગે નહીં...



કર્ણપ્રિય સંગીતના સથવારે, સુમધુર સુરોની સુરાવલિના અંતિમ ચરણમાં તો ડાન્સ મસ્તીના ગીતોની ધડબડાટી બોલાવી દીધી... ચિંતાતા ચિતા ચિતા... તું નથી તો તારો ફોટો પણ ચાલશે... પ્યાર કી પૂંગી બજાકે.. ચિકની કમર પે તેરી મેરા દિલ ફિસલ ગયા... રામજી કી ચાલ દેખો.. લૂંગી ડાન્સ... મસ્તીભરી રાત હૈ... કહેતે હૈં હમકો ઈન્ડિયાવાલે... સાથે સૂર-સાજ-ડાન્સ બધું જ રેલાવી કાર્યક્રમ સંપન્ન થયો.

ઍનીટાઈમ મસ્તીના સ્ટેજ ડૅકોરેશનમાં એક બાજુ રફી, આશા, કિશોર તો બીજી બાજુ શ્રેયા, સુનિધિ, મિકા સિંગનાં પોસ્ટર સાથે સુશોભિત મસ્તીની થીમ સાથેના ગીતોની પસંદગી પણ યથાયોગ્ય રહી... શહેરના સન્માનનીય લોકોનું બહુમાન લાગણીભીનું રહ્યું... કાર્યક્રમના ઍન્કર અરવિંદ શુક્લાએ માત્ર એનો અલગ મિમિક્રી સ્લૉટ આપ્યો હોત તો કદાચ બે-ચાર ગીતો વધુ મળી શક્યાં હોત... મસ્તીભરી સાંજ સાથેનું લૉન્ચિંગ તો સરસ થયું, હવે આવનારો સમય જ બતાવશે કે 'એટીઍમ'માંથી શું નીકળે છે ?ત્યાં સુધી એટલું જ કહેવું પડે કે રાત બાકી, બાત બાકી, હોના હૈ જો હો જાને દો...



# સે. ૫માં કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે સ્વાતંત્ર્ય દિનની શાનદાર ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૦
સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલય ખાતે ૬૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી.

આ પ્રસંગે ગાંધીનગર વસાહત મહામંડળના પ્રમુખ કેશરીસિંહ બિહોલા, મહામંત્રી રાજેન્દ્રભાઈ પારેખ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કેશરીસિંહ બિહોલાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિનાં ગીતો તથા પિરામીડની રજૂઆત કરી હતી. ત્યારબાદ મુખ્ય મહેમાનો અને શાળાના ટ્રસ્ટીઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં.

રમતગમતમાં સિદ્ધિ પ્રાપ્ત કરનારા શાળાના વિદ્યાર્થીઓને આ પ્રસંગે ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

શાળાના ટ્રસ્ટી પ્રદીપસિંહ બિહોલા, નરેશભાઈ શાહ તથા આર ઍમ પટેલ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. પ્રિન્સિપાલ મનિષભાઈ ખત્રીએ આભારદર્શન કર્યું હતું.

# ફાયર ઍન્ડ ઈમર્જન્સી સેવામાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન



ગૌતમભાઈ એ પટેલ



આનંદ ઍસ બારીયા

ગાંધીનગર, તા. ૨૦
ગાંધીનગર ફાયર ઍન્ડ ઈમર્જન્સી સર્વિસમાં વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન આગ, અકસ્માત તથા કૅનાલ-તળાવમાં ડૂબતા વ્યક્તિઓ માટે બચાવકૉલમાં સારી કામગીરી કરનાર કર્મચારી ગૌતમભાઈ એ પટેલ તથા આનંદ ઍસ બારીયાનું સ્વતંત્રતા દિવસ નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર હંસાબેન મોદીના હસ્તે પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.